ગુજરાતમિત્ર

# બારડોલી-વ્યારા-ભરૂચ

હવામાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૪.૦° સે. | ૧૫.૦° સે. |
| બારડોલી | ૩૩.૦° સે. | ૧૫.૦° સે. |
| ભરૂચ | ૩૪.૦° સે. | ૧૪.૦° સે. |
| વ્યારા | ૩૩.૦° સે. | ૧૫.૦° સે. |




# બારડોલી રિવરફ્રન્ટ 'સફેદ હાથી'

**સાત વર્ષ** પહેલાં પોણા ત્રણ કરોડનો ખર્ચ કર્યો, પણ જનતાનાં નાણાંનું પાણી



**જાળવણીનો અભાવ અને સાધનોની દુર્દશા**

બાળકો માટે લાખોના ખર્ચે વસાવવામાં આવેલાં રમતગમતનાં સાધનો યોગ્ય જાળવણીના અભાવે સડી રહ્યાં છે. જે સ્થળ બાળકોના કિલ્લોલથી ગૂંજવું જોઈએ, ત્યાં આજે ગંદકી અને ભંગાર જેવી હાલત છે. રિવરફ્રન્ટના મુખ્ય ગેટ પાસે પણ અસ્તવ્યસ્ત વાહન પાર્કિંગ થતું હોવાથી અવરોધ ઊભો થાય છે.

બારડોલી: બારડોલી નગરજનોને મનોરંજન અને હરવા-ફરવા માટે નવું નજરાણું મળી રહે તે હેતુથી પાલિકા દ્વારા આશરે પોણા ત્રણ કરોડના જંગી ખર્ચે સાતેક વર્ષ પહેલા મીંઢોળા નદીના કિનારે રિવરફ્રન્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ આ પ્રોજેક્ટ આજે સુવિધાને બદલે અવ્યવસ્થા અને જોખમનો પર્યાય બની ગયો છે. પાલિકાના શાસકો અને અધિકારીઓની અણઆવડતના કારણે આ રિવરફ્રન્ટ હાલ 'સફેદ હાથી' સમાન સાબિત થઈ રહ્યો છે. રિવરફ્રન્ટની સૌથી ભયાનક બાબત અહીં પડેલો મસમોટો ખાડો છે. ચોમાસા દરમિયાન નદીના પાણી ફરી વળતા ફુવારા પાસે જમીન બેસી ગઈ છે અને કૂવા જેવો ઊંડો ખાડો પડી ગયો છે. સ્થાનિકોના મતે બાંધકામ સમયે યોગ્ય મટિરિયલને બદલે કચરો નાખીને પુરાણ કરવામાં આવ્યું હોવાથી જમીન બેસી ગઈ છે. નસીબજોગ અત્યારે રિવરફ્રન્ટ બંધ છે, બાકી અહીં મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા હતી.

## આ પ્રોજેક્ટની નિષ્ફળતા પાછળનાં મુખ્ય કારણો અને સુધારા માટેના મુદ્દા

**૧. સિવિલ એન્જિનિયરિંગની ખામી**

» નદી કિનારે જ્યારે પણ કોઈ પ્રોજેક્ટ બને ત્યારે તેનું પુરાણ ખૂબ જ મજબૂત હોવું જોઈએ. કચરો કે હલકી ગુણવત્તાની માટી વાપરવી એ એન્જિનિયરિંગની દૃષ્ટિએ ગંભીર ગુનો છે.

» જમીન બેસી જવી એ સાબિત કરે છે કે સોઈલ ટેસ્ટિંગ અને કમ્પેક્શન (માટી દબાવવાની પ્રક્રિયા) યોગ્ય રીતે કરવામાં આવી નથી.

**૨. મેઈન્ટેનન્સ મોડલનો અભાવ**

» પાલિકાએ માત્ર પ્રોજેક્ટ બનાવી દીધો, પણ તેના સંચાલન માટે કોઈ વ્યવસ્થા કરી નહીં.

» રિવરફ્રન્ટ જેવા પ્રોજેક્ટ્સ 'પીપીપી' (Public-Private Partnership) ધોરણે આપવા જોઈએ અથવા તો તેની જાળવણી માટે અલગ બજેટ અને સ્ટાફ હોવો જરૂરી છે.

**3. જનતાના પૈસાનો વ્યય**

» પોણા ત્રણ કરોડ રૂપિયા જનતાના ટેક્સના પૈસા છે. જો પ્રોજેક્ટ લોકાર્પણના થોડા જ સમયમાં બંધ થઈ જતો હોય, તો તે આયોજનની નિષ્ફળતા છે.

» આ બાબતે ટેકનિકલ ઓડિટ થવું જોઈએ અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાવા જોઈએ.

**૪. સુરક્ષાનું જોખમ**

» જે ખાડો પડ્યો છે તેને પૂરવાની તસ્દી પણ પાલિકા લેતી નથી, જે વહીવટી નિષ્ક્રિયતા દર્શાવે છે.

» બારડોલી રિવરફ્રન્ટને જો ફરી જીવંત કરવો હોય, તો સૌપ્રથમ તેનું ટેકનિકલ રિપેરિંગ કરી, સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. જેથી જનતાને તેનો લાભ મળી શકે.

જ્યારે રિવર ફ્રન્ટ બની રહ્યો હતો ત્યારે આ જગ્યા ખાડામાં હતી. તેને રોડના લેવલે કરવી જરૂરી હોય માટી પુરાણ કરવું જરૂરી હતું. પરંતુ જે તે સમયે એજન્સીએ કચરો ઠાલવીને પુરાણ કર્યું હતું અને ત્યારે વિવાદ પણ સર્જાયો હતો. કચરોને કારણે જ અહી જમીન બેસી ગઈ હોવાનું નિષ્ણાતોનું માનવું છે. ત્યારે હવે નવેસરથી પુરાણ કરવામાં આવે અને આ રિવર ફ્રન્ટ લોકો માટે ખોલવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.



ઈબ્રાહીમ કાનુ

# કુંવારદાની નહેરમાંથી મિલને પાણી આપવા સામે ખેડૂતોનો હલ્લાબોલ

**અધિકારીઓની** મિલીભગતથી ફેક્ટરીને પાણી અપાતાં રોષ; ગ્રામસભામાં લડી લેવાનો નિર્ધાર

હથોડા: કોસંબા નજીક આવેલા કુંવારદા ગામે ખેડૂતોની જીવાદોરી સમાન નહેરમાંથી પી.જી.પી. ગ્લાસ કંપનીને પાણી આપવાના વિરોધમાં ખેડૂતોએ મોરચો માંડ્યો છે. ખેડૂતોની મંજૂરી વિના ફેક્ટરી માટે પાણી લઈ જવાનો પ્રયાસ થતાં ગ્રામજનોએ ગ્રામસભા બોલાવી હલ્લાબોલ કર્યો હતો, જેના પગલે સમગ્ર માંગરોળ તાલુકામાં ખળભળાટ મચી ગયો છે.

ગામના સરપંચ ચિરાગભાઈ મોદી તથા ખેડૂત આગેવાનો કિશોરભાઈ પંડ્યા, યોગેશ બોડાણા, સંજયભાઈ વસાવા અને અન્ય ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નહેરનું પાણી વર્ષોથી માત્ર ખેડૂતો માટે છે. હાલ નહેરમાં પાણીની આવક ઓછી હોવાથી ખેડૂતો પોતાનો કીમતી પાક બચાવવા રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. આવા સમયે ખેડૂતો કે ગ્રામ પંચાયતને વિશ્વાસમાં લીધા વિના, અધિકારીઓએ કયા આધારે તરસાડીની પી.જી.પી. ગ્લાસ કંપનીને પાણીની મંજૂરી આપી દીધી?

ખેડૂતોએ આક્ષેપ કર્યો છે કે એક તરફ સરકાર ખેડૂત હિતની વાતો કરે છે, તો બીજી તરફ અધિકારીઓ ઉદ્યોગપતિઓના પક્ષે રહીને ખેડૂતો સાથે અન્યાય કરી રહ્યા છે. ગ્રામસભામાં એકસૂરે ઠરાવ કરવામાં આવ્યો હતો કે જો આ નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો ખેડૂતો ન્યાય માટે છેલ્લા શ્વાસ સુધી લડત આપશે.

## સંક્ષિપ્ત સમાચાર

### નાની ભટલાવ ગામનું ગૌરવ



બારડોલી: બારડોલીના નાની ભટલાવ ગામના વકીલ પિતાના પુત્ર દર્શનકુમાર શૈલેષભાઇ ચૌધરીએ વર્ષ-2012માં ઈસરો, અમદાવાદ ખાતે 'ટેકનિકલ સહાયક' તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપ્લોમા બાદ, ગુજરાતમાં ST કેટેગરીની માત્ર એક જ ઉપલબ્ધ જગ્યા પર પસંદગી પામી તેમણે પોતાની પ્રતિભા સાબિત કરી હતી. તેમની બહેન પ્રિયંકાબેન પણ બારડોલી ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. આજે 13 વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા બાદ, દર્શનકુમાર 'ટેકનિકલ અધિકારી' જેવા જવાબદાર પદે કાર્યરત રહી સમાજનું ગૌરવ વધારી રહ્યા છે.

### બારડોલીનું જલારામ મંદિર પતંગોથી સજાવાયું



બારડોલી: બારડોલીમાં આવેલા જલારામ મંદિરમાં વારે તહેવારે અલગ અલગ થિમની સજાવટ કરવામાં આવે છે. બુધવારે ઉત્તરાયણ હોય મંદિરના પૂજારી જીતુભાઈ અને તેમના પરિવાર દ્વારા સમગ્ર મંદિરના ગર્ભગૃહને પતંગ, ફીરકી અને પિપોડીથી સજાવવામાં આવ્યું છે. જે મંદિરમાં આવતા દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

### વાલોડના કહેરથી દીપડી પાંજરે પુરાઈ



વાલોડ: વાલોડ પંથક દીપડાઓનું અભ્યારણ્ય બન્યું છે. અવારનવાર આ વિસ્તારમાં દીપડાઓ પકડાવાની ઘટના બનતી હોય છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી વાલોડના કહેર ગામમાં દીપડો નજરે પડી રહ્યો હતો. એટલું જ નહી પાલતું પશુઓનો પણ શિકાર કરતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. અત્યાર સુધીમાં કુલ 12 જેટલાં પશુઓનો શિકાર કર્યો હતો. પરંતુ વાલોડ વનવિભાની ટીમે કહેર ગામમાં રબારી ફળિયામાં ભરતભાઈ રબારીના ઘર નજીક મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં મંગળવારે વહેલી સવારે મારણ ખાવાની લાલચે એક દીપડી પાંજરે પુરાઈ હતી. આ ઘટના અંગે જાણ કરતાં વાલોડ વન વિભાગના આર.એફ.ઓ. આસિફ પઠાણ અને તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી 7થી 8 વર્ષની દીપડીનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં સગીરાના અપહરણના ગુનામાં બે વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરથી સગીરાના અપહરણ અને પોક્સો સહિતના ગંભીર ગુનામાં છેલ્લાં બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોલીસે ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે મળેલી ચોક્કસ બાતમીના આધારે પોક્સોના ગુનામાં છેલ્લાં બે વર્ષથી મુળ બિહારના નાસતા આરોપી શ્યામકુમાર ઝકાસી મંડલને ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

### ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહુવાની GH ભક્ત હાઇસ્કૂલ વિજેતા



સલીમ દિવાન

ભોરિયા: સરભોણ વિભાગ કેળવણી મંડળ દ્વારા સંચાલિત સરભોણની એન.બી. પટેલ સાર્વજનિક હાઇસ્કૂલના મેદાન પર દર વર્ષે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યોજાયેલી 'ડી.એન. પટેલ કપ' ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહુવા અને બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓની અંદાજે 16 જેટલી ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મહુવાની જી.એચ.ભક્ત સાર્વજનિક હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. ફાઇનલ મેચમાં શાનદાર વિજય મેળવી આ ટીમે 'ડી.એન. પટેલ કપ' પોતાના નામે કર્યો હતો. વિદ્યાર્થીઓની આ ગૌરવશાળી સિદ્ધિ બદલ મહુવા વિભાગ કેળવણી મંડળના પ્રમુખ સુભાષભાઈ ભક્ત, મંડળના તમામ હોદ્દેદારો તથા શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યાં હતાં.

# વરેલીની અમરદીપ ટેક્સટાઈલ કંપનીમાં યુવકની હત્યા

**લાકડાના** ફટકા મારી આરોપી ધાબા પરથી કૂદી ફરાર

પલસાણા: પલસાણાના વરેલી ગામમાં એક સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. વરેલી ગામની સીમમાં આવેલી 'અમરદીપ ટેક્સટાઇલ' કંપનીના ધાબા પર સામાન્ય બોલાચાલીમાં એક યુવકે તેના જ સાથીદારની લાકડાના ફટકા મારી નિર્મમ હત્યા કરી નાંખી છે.

મળતી માહિતી મુજબ મૃતક હર પ્રસાદ રાજભાન બૈગા (ઉં.વ.૩૪) અને આરોપી સાગર રાજુ પ્રજાપતિ બંને મૂળ મધ્યપ્રદેશના વતની છે અને ૧૨ જાન્યુઆરીના રોજ જ વરેલી ખાતે કામ અર્થે આવ્યા હતા. રાત્રિના સમયે કોઈ કારણોસર બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે આરોપી સાગર પ્રજાપતિએ ઉશ્કેરાઈને હર પ્રસાદના માથામાં લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજા થવાને કારણે હર પ્રસાદનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાના પ્રત્યક્ષદર્શી અને ફરિયાદી રવિ ભુખન કોલે જણાવ્યું કે, રાત્રે આશરે ૧૦:૪૫ વાગ્યે બચાવો-બચાવોની બૂમો સાંભળી તેઓ બહાર દોડી આવ્યા હતા. તેમણે આરોપીને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપીએ તેમને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જ્યારે અન્ય કામદારો અને વોચમેન ત્યાં પહોંચ્યા, ત્યારે આરોપી સાગર પ્રજાપતિ પોતાની બેગ લઈને ધાબા પરથી કૂદીને નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતા જ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે રવિ કોલની ફરિયાદના આધારે આરોપી સાગર રાજુ પ્રજાપતિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) (હત્યા) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાતકાશી નજીક કારમાંથી રૂ.7.13 લાખનો દારૂ ઝડપાયો

**રૂ.૧૨.૧૩** લાખનો મુદ્દામાલ જપ્ત, સોનગઢના જંગલ વિસ્તારમાં પોલીસને જોઈ બુટલેગરો ફરાર



સોનગઢ: તાપી જિલ્લાની લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્ક્વોડે સોનગઢના સાતકાશી નજીક રેડ પાડી દારૂ સાથે રૂ.૧૨.૧૩ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

સોનગઢના સાતકાશી ગામથી ઉમરપાડા જવાના કાચા રસ્તા પર એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે દારૂની બાતમીના આધારે વોચ ગોઠવી હતી. દરમિયાન મહારાષ્ટ્રના લક્કડકોટ ગામથી દારૂ ભરી આવતી મહિન્દ્રા XUV 500 કાર નં.(GJ-06-HD-4391)ને આંતરવાનો પ્રયાસ કરતાં તેનો ચાલક અને અન્ય એક ઈસમ ગાડી ઊભી રાખી જંગલનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. પોલીસે કારની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૨,૩૨૮ બોટલો મળી આવી હતી, જેની કિં.રૂ.૭,૧૩,૮૫૬ થાય છે. પોલીસે ૫ લાખની કિંમતની લક્ઝરી કાર અને દારૂ મળી કુલ રૂ.૧૨,૧૩,૮૫૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ ગુનામાં પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર વીકી શૈલેષભાઈ ગોસ્વામી (રહે., દેવક્રિષ્ણા સોસાયટી, સોનગઢ), કાર ચાલક રમજાન ઉર્ફે ભુરિયો (રહે., સોનગઢ) અને ક્લીનર ચંદુભાઈ બાવાભાઈ વસાવા (રહે., શેરૂલા, તા.સોનગઢ)ને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર કામગીરીમાં એલ.સી.બી. પી.આઈ. ડી.એસ. ગોહિલ, એન.જી.પાંચાણી અને તેમની ટીમ સામેલ હતી.

### વાંકાનેડામાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણા: વાંકાનેડા ગામે ૪૨ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. આ મામલે કડોદરા GIDC પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના ખાંદેપાડા-નવાગામના વતની અને હાલ વાંકાનેડા ખાતે પીયૂષભાઈ પટેલના મકાનમાં બીજા માળે રૂમ નં.૩માં ભાડે રહેતાં પ્રેમિલાબેન સંપતભાઈ ગાવીત (ઉં.વ.૪૨) એ ગત તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ સવારના ૯:૩૦ વાગ્યા પહેલાના કોઈપણ સમયે આ અંતિમ પગલું ભર્યું હતું. પ્રેમિલાબેને પોતાના રૂમમાં સીલિંગ ફેન સાથે નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો.

### મહારાષ્ટ્રનો મોબાઈલ ચોરીનો વોન્ટેડ આરોપી ઝડપાયો

બારડોલી: મહારાષ્ટ્રના ડોંબીવલી રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઈલ ચોરીના ગુનામાં છેલ્લા 8 મહિનાથી ફરાર આરોપીને બારડોલી પોલીસે દબોચી લીધો હતો. બારડોલી ટાઉન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ડોંબીવલી રેલવે પોલીસ સ્ટેશનનો વોન્ટેડ આરોપી હમીદ શેખ બારડોલીના તલાવડી સર્કલ પાસે ઊભો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને હમીદ અઝીઝ શેખ (ઉં.વ.૨૧) (રહે., ઉમરવાડા, ચુન્ની ટેકરા, સલાબતપુરા, સુરત શહેર)ને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે તે મહારાષ્ટ્રના ડોંબીવલી રેલ્વે પોલીસ સ્ટેશનમાં B.N.S ની કલમ-૩૦૫,(સી) મુજબ નોંધાયેલા મોબાઈલ ચોરીના ગુનામાં વોન્ટેડ છે. છેલ્લા આઠ મહિનાથી તે બારડોલીના તલાવડી વિસ્તારમાં છુપાઈને રહેતો હતો. હાલમાં બારડોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબજો ડોંબીવલી રેલવે પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત- 395009
શાખા કાર્યાલય: C/o મુથૂટ ફાઇનાન્સ લિમિટેડ, પહેલો માળ, પરિસર નં. ૧ અને ૨, "શાંતિ કોમ્પ્લેક્સ", રિલાયન્સ મોલ પાસે, ગુંજન, રોડ, જીઆઈડીસી, વાપી, ગુજરાત ૩૯૬૧૯૧

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]

પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા બાદ અહીં નીચે વર્ણવ્યા મુજબ સ્થાવર મિલકત ખરીદવા માટે નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે, જે 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જે કબજામાં છે. જેની વિગતો નીચે આપેલ છે:-

| ક્રમ નં. | ઋણ લેનાર/ઓ/ સહ-ઋણ લેનાર/ ગેરન્ટર/ લોન એકાઉન્ટ નંબર/ શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RPના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | ટુનટુન મહેશ રાય/ વિજયભાઈ મહેશ રાય/ 004-00000246/ સુરત | 20-માર્ચ-2025/ રૂ. 7,55,575/- સાત લાખ પંચાવન હજાર પાંચસો પંચોતેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, તુલસી રેસીડેન્સી સુરત કડોદરા રોડ, તથીથૈયા સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-૨ સુરત, ગુજરાત - 394305 | રૂ. 1,00,000/- એક લાખ રૂપિયા પૂરા | રૂ. 10,000/- દસ હજાર રૂપિયા પૂરા |
| 2. | સંજય પાંડુરંગ બોરસે/ મીનાબાઈ સંજય બોરસે/ 004-00401994/ સુરત | 13-જાન્યુ.-2020/ રૂ. 10,10,378/- દસ લાખ દસ હજાર ત્રણસો ઈઠ્ઠોતેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. બી-૨૦૭ સ્વસ્તિક રેસી શિવમ રેસી કડોદરા પલસાણા સુરત ગુજરાત- ૩૯૪૩૨૭ | રૂ. 3,00,000/- ત્રણ લાખ રૂપિયા પૂરા | રૂ. 30,000/- તીસ હજાર રૂપિયા પૂરા |
| 3. | લિયાકતઅલી ગુલામહુસેન પઠાણ/ ફરહાના લિયાકતઅલી પઠાણ/ 004-00000220/સુરત | 29-ડિસે.-2018/ રૂ. 7,19,659/- સાત લાખ ઓગણીસ હજાર છસ્સો ઓગણસાઈઠ રૂપિયા પૂરા | પ્લોટ નં. એ/૧૭૦, ૫૧.૫૦ ચોરસ મીટર વિસ્તાર, "આરઝુ રેસીડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં, સર્વે નં. ૨૧૮૪, સીટ નં. ૬૦, ચલ્ટા નં. ૧, અલનૂર એપાર્ટમેન્ટ પાસે, સાહોલ- કોસંબા રોડ, ગામ તરસાડી, તા. માંગરોળ, જિલ્લો સુરત- ૩૯૪૧૨૦. ગુજરાત ખાતે સ્થિત છે. સંયુક્ત સબ રજિસ્ટ્રાર માંગરોળની ઓફિસમાં તારીખ ૨૮/૧૨/૨૦૧૬ના રોજ એસઆર. નં. ૭૬૪૯/૨૦૧૬ સાથે દસ્તાવેજ તરીકે નોંધાયેલા વેચાણ દસ્તાવેજમાં વધુ ઉલ્લેખિત છે. | રૂ. 3,50,000/- ત્રણ લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 35,000/- પાંત્રીસ હજાર રૂપિયા પૂરા |
| 4. | અનિલકુમાર બ્રજકિશોર શ્રીવાસ્તવ/ શિલા અનિલકુમાર શ્રીવાસ્તવ/ 004-00000436/ સુરત | 26-ઓગ્સ.-2023/ રૂ. 4,84,796/- ચાર લાખ ચોર્યાસી હજાર સાતસો છન્નું રૂપિયા પૂરા | પ્લોટ નં. ૭૦, ડિવાઈન વિલા માંગરોળ, કોસંબા કરમાલી રોડ અપના ઘર કોમ્પ્લેક્સ પાછળ / ડિવાઈન સ્કૂલ સુરત ગુજરાત - ૩૯૪૧૨ | રૂ. 2,75,000/- બે લાખ પંચોત્તેર હજાર રૂપિયા પૂરા | રૂ. 27,500/- સત્તાવીસ હજાર પાંચસો રૂપિયા પૂરા |
| 5. | ભેરુલાલ શોંભુલાલ રબારી/ પપુદીબાઈ ભેરુલાલ રબારી/ 004-00401665/ સુરત | 20-માર્ચ-2025/ રૂ. 4,14,372/- ચાર લાખ ચૌદ હજાર ત્રણસો બોત્તેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. એ-૩૦૮, ત્રીજો માળ, એ-મારુતિ રેસીડેન્સી, સુરત-બારડોલી રોડ, શિવમ રેસીડેન્સી, કડોદરા, પલસાણા, સુરત સર્વે નં. આર.એસ. નં. ૧૦૨/૧, ૧૦૨/૨, બ્લોક નં. ૧૦૪, ૧૦૫ લેન્ડમાર્ક સેજલ હોસ્પિટલ જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ- ૩૯૪૩૨૭ દિશાઓ ઉત્તર- સંલગ્ન બ્લોક નં. ૧૦૬ ખુલ્લો પ્લોટ, દક્ષિણ- સંલગ્ન પ્લોટ નં. ૪, પૂર્વ - સંલગ્ન પ્લોટ નં. ૫૦ થી ૫૨, પશ્ચિમ - કચ્છ રોડ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 6. | માલ્તીબેન રવિન્દ્ર તલગોટે/ રવિન્દ્ર મધુકર તલગોટે/ 059-05900050/વાપી | 05-જાન્યુઆરી-2024/ રૂ. 7,69,220/- સાત લાખ ઓગણ સિત્તેર હજાર બસો વીસ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, મૈત્રી રેસીડેન્સી વાપી ચારવાડા રોડ, રમઝાનનગર, રામ મંદિર પાસે ચારવાડા વાપી સુરત ગુજરાત ૩૯૬૧૯૫. તારીખ- ૦૨/૦૨/૨૦૧૮ના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૦૧૧૭૮/૨૦૧૮માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત. સબ રજિસ્ટ્રાર વાપીની ઓફિસમાં. સીમાઓ - ઉત્તર - ખુલ્લો પ્લોટ, દક્ષિણ - ખુલ્લો પ્લોટ, પૂર્વ - ખુલ્લો પ્લોટ, પશ્ચિમ - સોસાયટી રોડ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 7. | હિતેન્દ્ર મધુસુદન જાદવ/ કિરણ હિતેન્દ્ર જાદવ/059-05900080/વાપી | 12-નવેમ્બર-2024/ રૂ. 4,38,053/- ચાર લાખ આડત્રીસ હજાર તેપ્પન રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૩૦૬ ત્રીજો માળ મૈત્રી એપાર્ટમેન્ટ રમઝાનનગર ગણેશ ચોક વાપી - ચરવાડા રોડ ચરવાડા વાપી વાપી ઉત્તર ગુજરાત - ૩૯૬૧૯૫ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 8. | શશીપ્રકાર આર. તિવારી/ પ્રિતી એસ. તિવારી/ 004-00000013/સુરત | 18-ફેબ્રુઆરી-2025/ રૂ. 6,01,965/- છ લાખ એક હજાર નવસો પાસઠ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૧૦૫ મકાનનું નામ અને નંબર વૈભવ રેસિડેન્સી, હરિહંત પાર્ક સોસાયટીમાં વિભાગ - ૨ સર્વે નં. ૧૩૩ રોડનું નામ ખારાચ રોડ લેન્ડમાર્ક ફ્લાય ઓવર, ગામનું નામ કડોદરા જિલ્લો કડોદરા રાજ્ય ગુજરાત પિનકોડ - ૩૯૪૩૨૭. ઉત્તર- બાલાજી રેસિડેન્સી, દક્ષિણ -ફ્લેટ નં. ૧૦૪, પૂર્વ -પેસેજ, વેસ્ટ -રોડ. | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 9. | સતીષકુમાર શ્રીકાંત સિંઘ/ નિરમલા દેવી શ્રીકાંત સિંઘ/ 004-00403406/ સુરત | 23-ફેબ્રુઆરી-2024/ રૂ. 10,54,806/- દસ લાખ ચોપ્પન હજાર આઠસો છ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, શિવ રેસિડેન્સી, શિવમ રેસિડેન્સી, સુરત બારડોલી રોડ કડોદરા, પલસાણા, સુરત | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 10. | રાજેશભાઈ નાગરજીભાઈ મદ્રાસી/ ડામીની રાજેશભાઇ મદ્રાસી/ 004-00403786/ સુરત | 03-ઓક્ટોબર-2019/ રૂ. 8,52,629/- આઠ લાખ બાવન હજાર છસો ઓગણત્રીસ રૂપિયા પૂરા | ફ્લેટ નં. એ-૩૦૮, ત્રીજો માળ, સાઈ એવન્યુ, મકાન-એ. શિવમ રેસીડેન્સી, સુરતની બહાર, બારડોલી રોડ, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭ | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 11. | વિનોદ જયેશ્વર/ પરમીલા જયેશ્વર/ 004-00406230/ સુરત | 25-માર્ચ-2021/ રૂ. 6,42,762/- છ લાખ બેતાલીસ હજાર સાતસો બાસઠ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૩૦૬, ત્રીજો માળ, વૈભવ લક્ષ્મી રેસી. શિવમ રેસિડેન્સી, આર.એસ. નં. ૧૦૨/૧,૧૦૨/૨, કડોદરા, પલસાણા, સુરત સુરત ગુજરાત- ૩૯૪૩૨૭. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ- ૦૭-જાન્યુઆરી-૧૯ના રોજ નોંધાયેલા વેચાણ કરાર નં. ૫૪૧-૨૦૧૯માં વધુ ઉલ્લેખિત છે. સીમાઓ - ઉત્તર - ફ્લેટ નં. ૩૦૫, દક્ષિણ - ફ્લેટ નં. ૩૦૭, પૂર્વ - બગીચો, પશ્ચિમ - પેસેજ | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 12. | અર્જુન સનકથા - પ્રસાદ સિંઘ/ પૂનમ અર્જુન સિંઘ/ 004-00405730/ સુરત | 27-જાન્યુઆરી-2021/ રૂ. 5,88,459/- પાંચ લાખ અઠયાસી હજાર ચારસો ઓગણસાઠ રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૩૦૨, ત્રીજો માળ, વૈભવલક્ષ્મી રેસિડેન્સી, શિવમ રેસી. કડોદરા, પલસાણા, સુરત સુરત ગુજરાત ૩૯૪૩૨૭. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ ૧૯/૦૯/૨૦૧૮ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નંબર ૧૮૮૦૭-૨૦૧૮ માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત. સીમાઓ - ઉત્તર - એડજ બિલ્ડિંગ, દક્ષિણ - એડજ ફ્લેટ નંબર ૩૦૧, પૂર્વ - એડજ પેસેજ, પશ્ચિમ - એડજ રોડ | રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા | રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા |
| 13. | રોશન લક્ષ્મણ કોઠેકર / પુષ્પા કોટેકર / 004-00405411 / સુરત | 20-જાન્યુ-2025 / રૂ.5,65,100/- પાંચ લાખ પાસઠ હજાર એકસો રૂપિયા પૂરા | ફ્લેટ નંબર B2-103, પહેલો માળ, શ્રી સાઈ પૂજન, બિલ્ડિંગ - B2, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-૨, સુરત બારડોલી હાઇવેની બહાર, આર.એસ. નંબર ૨૦૧/૨, બ્લોક નંબર ૨૬૮, બગુમારા, પલસાણા, સુરત, પિન કોડ- ૩૯૪૩૨૭ ઉત્તર: ખુલ્લો પ્લોટ, દક્ષિણ: સોસાયટી રોડ, પૂર્વ: કોસિટી રોડ, પશ્ચિમ: સોસાયટી રોડ | રૂ. 1,80,000/- એક લાખ એંસી હજાર રૂપિયા પૂરા | રૂ. 18,000/- અઢાર હજાર રૂપિયા પૂરા |
| 14. | સંદિપ શિવનારાયણ પાંડે / અનુરાધા સંદિપ પાંડે / 004-00405142 / સુરત | 11-ડિસે.-2024 / રૂ.6,43,972/- છ લાખ તેતાલીસ હજાર નવસો બોત્તેર રૂપિયા પૂરા | ફ્લેટ નં. એ 303, ત્રીજો માળ, શાંતિકેતન પ્લાઝા -૧, નવદુર્ગા ફલ્યુ, કડોદરા કેનાલ રોડની બહાર, કડોદરા ક્રોસ પાસે રોડ, સુરત-મુંબઈ હાઇવેની બહાર, કડોદરા, સુરત બ્લોક બ્લોક નં. ૧૪૧, ૧૪૪ લેન્ડમાર્ક કડોદરા કેનાલ રોડની બહાર જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ ૩૯૪૩૨૭ ઉત્તર-વિંગ સી, દક્ષિણ-રોડ, પૂર્વ-વિંગ બી, પશ્ચિમ- સંલગ્ન બિલ્ડિંગ | રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા | રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા |
| 15. | ઘનશ્યામ દેવીનાથ પાંડે / રઘુનાથ દેવીનાથ પાંડે / 004-00000603 / સુરત | 18-ફેબ્રુ-2025 / રૂ.4,07,698/- ચાર લાખ સાત હજાર છસ્સો અઠ્ઠાણું રૂપિયા પૂરા | ફ્લેટ નં. ૨૦૬ મકાનનું નામ અને નંબર અંજની રેસીડેન્સી સર્વે નં. ૨૨૬/૨/બી, બ્લોક નં. ૨૩૭, પૈકી પ્લોટ નં. ૧૬,૧૭,૧૮, લોકેશન સચિન લેન્ડમાર્ક કાલીમાતા મંદિર નજીક. શહેરનું નામ સુરત જિલ્લો સુરત રાજ્ય ગુજરાત દેશ ભારત પિનકોડ-૩૯૪૨૩૦ દિશાઓ: ઉત્તર- સીડી, દક્ષિણ- રસ્તો, પૂર્વ- અન્ય ફ્લેટ, પશ્ચિમ રસ્તો. | રૂ. 1,70,000/- એક લાખ સિત્તેર હજાર રૂપિયા પૂરા | રૂ. 17,000/- સત્તર હજાર રૂપિયા પૂરા |

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજીથી વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે અને કેવાયસી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 03- ફેબ્રુઆરી - 2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી પ્રાદેશિક કચેરી ખાતે ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 02- ફેબ્રુઆરી -2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 04- ફેબ્રુઆરી-2026 બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીકારે મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને ખુદ નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલીકાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનાર/જામીનદારોને સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી રકમ, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ ચૂકવી દે છે તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744

તારીખ: 14 જાન્યુઆરી, 2026
સ્થળ: સુરત, વાપી

એસડી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ